# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 12-08-2024 Morning : 7.45 to 7.55

Day : Monday National News

## આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

**************************************************

- ✓ સેબી અને અદાણી જૂથ અંગે હિડનબર્ગના રિસર્ચ રિપોર્ટને સેબીએ નકાર્યા
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ખેડૂતોના સશક્તિકરણ માટે સરકાર પ્રતિબદ્ધ..
- ✓ દેશભરના 170 શહેરોમાં ગઇકાલે નીટ પીજીની યોજાયેલી પરીક્ષમાં બે લાખ 28 હજાર જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા
- ✓ હવામાન વિભાગે પૂર્વ રાજસ્થાન, આસામ, મેઘાલય અને બિહારમાં ભારે વરસાદની આગાહી કરી
- ✓ પેરિસ ઓલિમ્પિક 2024નું સમાપન થયું.. ભારત છ ચંદ્રક સાથે 71માં ક્રમાકે રહ્યું

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SEBI-HINDENBURG--REPORT

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા સેબીએ હિન્ડેનબર્ગ રિસર્ચ દ્વારા કરવામાં આવેલા આરોપોને નકારી કાઢ્યા છે અને ભારપૂર્વક જણાવ્યું છે કે તેની પાસે આવા મુદ્દાઓના ઉકેલ માટે પર્યાપ્તઆંતરિક માળખુ છે, જેમાં ડિસ્ક્લોઝર ફ્રેમવર્ક અને રિક્યુસલ માટેની જોગવાઈનો સમાવેશ થાય છે. સિક્યોરિટીઝના હોલ્ડિંગ અનેતેના ટ્રાન્સફરના સંદર્ભમાં જરૂરી સંબંધિત જાહેરાતો અધ્યક્ષ દ્વારા સમયાંતરે કરવામાં આવી છે.

એક નિવેદનમાં, દેશના શેરબજાર નિયમનકારે પણ રોકાણકારોને આવા અહેવાલો પર ધ્યાન ન આપવા જણાવ્યું હતું. હિન્ડેનબર્ગ રિસર્ચ રિપોર્ટમાં આવરી લેવામાં આવેલી સિક્યોરિટીઝની વિગતો અવિશ્વસનીય હોવાનું પણ સેબીએ જણાવ્યું હતું. તેણે વધુમાં જણાવ્યું હતું કે હિંડનબર્ગ રિસર્ચ દ્વારા અદાણી જૂથ સામે કરાયેલા આક્ષેપોની સેબી દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવી છે. સેબીએ એમ પણ કહ્યું હતું કે તે ભારતના મૂડી બજારોની અખંડિતતા અને તેની સુવ્યવસ્થિત વૃદ્ધિ અને વિકાસને સુનિશ્ચિત કરવા માટે સેબી પ્રતિબદ્ધ છે.

## AMFI - SEBI

એસોસિયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઇન ઇન્ડિયા (AMFI) એ સેબીના અધ્યક્ષ માધવી પુરી બૂચ અને તેમના પતિ ધવલ બુચ સામેના તાજેતરના હિન્ડેનબર્ગ રિપોર્ટની નિંદા કરી છે. એક નિવેદનમાં, AMFIએ જણાવ્યું હતું કે, યુએસ શોર્ટ-સેલર માર્કેટ ઇકોસિસ્ટમમાં વિશ્વાસની ખોટ ઊભી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે અને વિશ્વની સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રના માર્ગમાં બિનજરૂરી અડચણો ઊભી કરી રહી છે.

AMFI એ જણાવ્યું હતું કે સેબીના અધ્યક્ષ પરની બાહ્ય ટિપ્પણીઓ દેશની આર્થિક પ્રગતિને  નબળી પાડવાનો પ્રયાસ કરી રહી છે. AMFI એ જણાવ્યું હતું કે, હિન્ડેનબર્ગના દાવાઓમાં ભારતીય નિયમનકારી વાતાવરણના સંદર્ભ અને સમજણનો અભાવ છે, જે આપણા રાષ્ટ્રની મહેનતથી મેળવેલી સિદ્ધિઓને બદનામ કરવા માંગે છે.

# PM KISAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સરકાર દેશના ખેડૂતોના સશક્તિકરણ માટે પ્રતિબદ્ધ છે. શ્રી મોદીએ નવી દિલ્હીમાં ઈન્ડિયા એગ્રીકલ્ચરલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં 109 ઉચ્ચ ઉપજ આપતી, આબોહવા-સ્થિતિસ્થાપક અને બાયોફોર્ટિફાઈડ પાકની જાતોનું વિમોચન કર્યા બાદ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં આ વાત રજૂ કરી હતી.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે આબોહવાને અનુકૂળ અને ઉચ્ચ ઉપજ આપતી પાકની જાતો ખેડૂતોની આવકમાં વધારો કરશે. 61 પાકોની 109 જાતોમાં 34 ક્ષેત્રીય પાક અને 27 બાગાયતી પાકોનો સમાવેશ થાય છે. બાગાયતી પાકો ફળો, શાકભાજી, વાવેતર પાક, કંદ, મસાલા, ફૂલો અને ઔષધીય છોડની વિવિધ જાતોને આવરી લેશે. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ ખેડૂતો અને વૈજ્ઞાનિકો સાથે પણ વાત ચીતકરી હતી.

# NEET PG

દેશભરના 170 શહેરોમાં ગઈકાલે NEETPG 2024 પરીક્ષા યોજાઈ ગઈ. મેડિકલ વિજ્ઞાન ક્ષેત્રે રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડ -NBEMSએ જણાવ્યું કે આ વર્ષે લગભગ 2 લાખ 28 હજારથી વધુ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી છે.

પરીક્ષા પર દેખરેખ રાખવા માટે એક હજાર 950 થી વધુ સ્વતંત્ર મૂલ્યાંકનકારો અને 300 ફ્લાઈંગ સ્ક્વોડ સભ્યોને પરીક્ષા કેન્દ્રો પર નિયુક્ત કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રવ્યાપી પરીક્ષાના આયોજનની દેખરેખ માટે આઠ પ્રાદેશિક કમાન્ડ કેન્દ્રો પણ સ્થાપવામાં આવ્યા હતા. પરીક્ષા વિશેની કોઈપણ ખોટી માહિતીને રોકવા માટે બોર્ડે વિશેષ તકેદારી રાખી હતી.

# ECI---HARYANA-VISIT.RTF

આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરવામાટે ચૂંટણી પંચની ટીમ આજથી હરિયાણાની બે દિવસીય મુલાકાતે જશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર, ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુ અને પંચના અધિકારીઓ રાજ્યમાં  વિવિધ બેઠકો કરશે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પંકજ અગ્રવાલે જણાવ્યું  કે ચૂંટણી પંચ આજે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ, જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને હરિયાણાના વરિષ્ઠ અધિકારીઓ સાથેની બેઠકમાં ચૂંટણીની તૈયારીઓ અંગે સમીક્ષા કરશે. આ ઉપરાંત, ચૂંટણી પંચ અન્ય વ્યવસ્થાઓની સમીક્ષા કરવા માટે મુખ્ય સચિવ,પોલીસ મહાનિર્દેશક અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠકો કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 25મી ઓગસ્ટે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની આ 113મી કડી છે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં મન કી બાત કાર્યક્રમનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં,શ્રી મોદીએ લોકોને વિવિધ વિષયો પર પોતાના વિચારો અથવા સૂચનો **MyGov** ઓપન ફોરમ, નમો એપ પર સૂચનો લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 ઉપર સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, **AIR** ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એરમોબાઈલ એપ પર પ્રસારિત કરાશે. આકાશવાણી ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે પૂર્વ રાજસ્થાન, આસામ,મેઘાલય અને બિહારમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન કેરળ, માહે, તમિલનાડુ અને ઉત્તર આંતરિક કર્ણાટકમાં અલગ-અલગ ભારે વરસાદની સંભાવના પણ વ્યક્ત કરી છે.

ઉપરાંત પશ્ચિમ હિમાલય ક્ષેત્ર, પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતમાં હળવાથી મધ્યમ વરસાદની અને અઠવાડિયા દરમિયાન ઉત્તર પશ્ચિમ ભારત અને દક્ષિણ દ્વીપકલ્પના ભારતના મેદાનો પર છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે.

# OLYMPICSCLOSING

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪નું ભવ્ય સમારોહ સાથે સમાપણ થયું છે. ભારતે ૧ રજત અને પાંચ કાંસ્ય ચંદ્રક સાથે કુલ ૬ ચંદ્રકો જીત્યા છે. અને મેડલ ક્રમાંકમાં ૭૧મું સ્થાન પ્રાપ્ત કર્યું છે. જે ગત ટોક્યો ઓલિમ્પિક ૨૦૨૦ ના સાપેક્ષમાં ઘણું નીચું છે. ગત ઓલિમ્પિકમાં ભારત એક સુવર્ણ, ૨ રજત અને ૪ કાંસ્ય ચંદ્રકો સાથે ૪૮ માં ક્રમાંકે હતું.

ગઈકાલેને ધરલેન્ડસની સિફાન હાસને મહિલાઓની મેરથોન દોડ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. ૩૧ વર્ષીય આ મહિલા ખેલાડીએ ૨ કલાક ૨૨ મિનિટ ૫૫ સેકંડમાં પૂર્ણ કી કરીને ઓલિમ્પિક રેકોર્ડ બનાવી દીધો છે. ઇથોપિયાના ટાઈગસ્ટ અસ્સેફાને ૩ સેકન્ડથી હારવીને તેમણે આ જીત હાંસલ કરી હતી. અમેરિકા, ૪૦ ગોલ્ડ સહિત કુલ ૧૨૬ ચંદ્રકો સાથે મેડલ સંખ્યામાં પ્રથમ ક્રમાંકે છે. જ્યારે ચીન ૪૦ ગોલ્ડ સાથે કુલ ૯૧ મેડલ સાથે બીજા ક્રમાંકે અને જાપાન ૪૫ મેડલ સાથે ત્રીજા ક્રમાંકે છે. ઓસ્ટ્રેલિયા ૫૩ ચંદ્રકો સાથે ચોથા ક્રમાંકે છે.

# PM - PARIS OLYMPICS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું  છે કે ભારતીય રમત વીરોએ પેરિસ ઓલિમ્પિક્સમાં શ્રેષ્ઠ દેખાવ કરીને દેશનું ગૌરવ વધાર્યું છે. એક એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ દેશના રમતવીરોને ભવિષ્યની રમતો માટે શુભેચ્છા પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે ભારતના ૧૧૭ ખેલાડીઓએ ૧૬ રમતોમાં ભાગ લીધો હતો.

# REV. RAJASTHAN - RAIN

શનિવારથી રાજસ્થાનમાં પડીરહેલા મુશળધાર વરસાદ વચ્ચે રાજસ્થાનના વિવિધ ભાગોમાં 22 લોકોએ જીવ ગુમાવ્યા છે. ગઈકાલે જયપુર, કરૌલી, સવાઈમાધોપુર અને દૌસામાં ભારે વરસાદને કારણે શેરીઓમાં પાણી ભરાઈ ગયા હતા. આજે જયપુર, જયપુર ગ્રામીણ, દૌસા, કરૌલી, સવાઈમાધોપુર, ગંગાપુરઅને ભરતપુર જિલ્લામાં તમામ સરકારી અને ખાનગી શાળાઓને બંધ રાખવાની જાહેરાત કરાઈ છે.

મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ પરિસ્થિતિનો તાગ મેળવવા જયપુરમાં વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. શ્રીશર્માએ અધિકારીઓને અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત કાર્યને ઝડપી બનાવવા અને આગામી દિવસો માટે હવામાન વિભાગની આગાહીના આધારે જરૂરી સાવચેતીનાં પગલાં લેવા જણાવ્યું હતું

# WOMEN'S KABADDI LEAGUE

હરિયાણામાં આવતા મહિને પ્રથમ વૈશ્વિક મહિલા કબડ્ડીલીગ શરૂ થશે. સત્તાવાર રીતે વૈશ્વિક પ્રવાસી મહિલા કબડ્ડી લીગ (GPKL) નામ આપવામાં આવ્યું છે, આ સ્પર્ધામાં 15 થી વધુ દેશોની મહિલાએથ્લેટ ભાગ લેશે.

આ ઇવેન્ટ આંતરરાષ્ટ્રીય સ્તરે કબડ્ડીને પ્રોત્સાહન આપવા, ઓલિમ્પિક ગેમ્સમાં કબડ્ડીની રમતને સમાવવાના પ્રયાસોને સમર્થન આપવા અને 2036 ઓલિમ્પિકની યજમાની માટે ભારતની બિડને પ્રોત્સાહન આપવા માટે નોંધપાત્ર પ્રગતિનું પ્રતિનિધિત્વ કરે છે.

આ લીગનો હેતુ મહિલા કબડ્ડીનાવૈશ્વિક વિકાસને આગળ વધારવાનો છે. આ સ્પર્ધામાં ઇંગ્લેન્ડ, પોલેન્ડ, આર્જેન્ટિના, કેનેડા અને ઇટાલી સહિત વિવિધ દેશોની ટીમો ભાગ લેશે.